૫૦૧/૩,૮૩૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર - ચૌદમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૨**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''સત્સંગ કેટલા મનુષ્યને કરાવ્યો ?'' (૭૪-૭૫)

૨. ''હાલ સહજાનંદ ક્યાં છે ?'' (૫૬)

૩. ''અમે બધા આપની આજ્ઞાએ સદ્‌ગુરુઓના મંડળમાં છીએ.'' (૧૦૨)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. શ્રીજીમહારાજનું વતું પૂરું થતાં બાળક રડવા લાગ્યો. (૧૦૧-૧૦૨)

૨. નિત્યાનંદ સ્વામી રોવા લાગ્યા. (૧૪૯)

૩. શ્રીજીમહારાજે એકસાથે અમદાવાદ અને મછિયાવમાં ફૂલડોલનો ઉત્સવ કર્યો. (૧૩૪-૧૩૫)

**પ્ર.૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. ગવર્નર માલ્કમ સાથે મુલાકાત (૧૪૩-૧૪૬) ૨. અમને કેવા કહેશો ? (૧૧૩) ૩. મહંતો નીમ્યા (૧૩૫-૧૩૬)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. શ્રીજીમહારાજ ધર્મભક્તિને ઘેર કેટલું રહ્યા ? (૧૫૫)

૨. વરતાલ અને અમદાવાદ કયા કયા દેવના સ્થાન બન્યા ? (૧૩૯)

૩. ઉમરેઠમાં બ્રાહ્મણોને શું વિચાર આવ્યો ? (૫૦)

૪. પંચાળામાં ફૂલડોલ પ્રસંગે મહારાજે સંતો સાથે શું કર્યું ? (૧૧૪)

૫. બિશપ હેબરને મહારાજના કાર્યનો મહિમા કોણે કહ્યો ? (૧૨૪)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજે ક્યાં ક્યાં મંદવાડ ગ્રહણ કર્યો ? (૧૧૩, ૧૦૭)

(૧) ☐ કોઠ્ય (૨) ☐ પંચાળા (૩) ☐ જેતલપુર (૪) ☐ આદરજ

૨. શિક્ષાપત્રી (૧૩૪)

(૧) ☐ અક્ષર ઓરડીમાં લખવાની શરૂઆત.

(૨) ☐ નિત્ય પાઠ અથવા શ્રવણ અને પૂજનની આજ્ઞા.

(૩) ☐ સં. ૧૮૮૨ ઋષિપંચમીને દિવસે લખાઈ રહી.

(૪) ☐ સવિત્રાનંદ આદિક લહિયા સાધુઓ પાસે પ્રતો તૈયાર કરાવી.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. ............. વગરના ભોજનનો પહેલો ગોળો ............. જમ્યા. (૪૫)

૨. શ્રીજીમહારાજે એકી સાથે ............. સંતોને ............. નો ત્યાગ કરાવ્યો. (૪૦)

૩. શ્રીજીમહારાજે ............. અને ............. માં કેટલાય લોકોને સમાધિ કરાવી. (૧૨)

૪. શ્રીજીમહારાજે ............. ઘોડો ............. ને કૃષ્ણાર્પણ કર્યો. (૩૨, ૩૩)

**વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૨ - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૦**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''અમે તો નદીકિનારે, ઓઘામાં ક્યાંક પડ્યા રહેશું.'' (૩૪)

૨. ''આ તો સાલેમાળ પર્વતનો રસ્તો એવો છે.'' (૫)

૩. ''તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ.'' (૪૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. મોટેરા સંતોએ આચાર્ય નીમવાનો વિચાર કર્યો. (૨૭)

૨. બ્રહ્મચારી અક્ષરધામમાંથી મહારાજની સાથે જાણે તેમની સેવા કરવા જ પધાર્યા હતા. (૨૧)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્ર.૯ 'દાદાખાચરની મહારાજ પ્રત્યેની નિષ્ઠા' (૩૫-૩૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. શ્રીજીમહારાજની મૂર્તિનાં કેટલાં સુખ છે ? કયા કયા ? (૫૧)
૨. ઈન્દ્રજીભાઈ દર વર્ષે કોનો સમાગમ કરતા ? (૬૨)
૩. પ્રેમાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને કયા કુટુંબમાં થયો હતો ? (૯)
૪. કૃષ્ણજી અદા કયારે અને ક્યાં ધામમાં ગયા ? (સંવત, માસ, તિથિ) (૬૬-૬૭)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષયઃ- નિત્યાનંદ સ્વામીની સર્વોપરિપણાની દ્રઢતા (૪, ૫)**

**૧.** વડતાલમાં સત્સંગિજીવનનો ગ્રંથ લખાતો હતો. **૨.** પરમહંસોએ શ્રીજીમહારાજને દત્તાત્રેય કપિલ જેવા કહ્યા. **૩.** નિત્યાનંદ સ્વામી સભામાં આવતા બંધ થયા. **૪.** ''અમે તો રામકૃષ્ણ જેવા જ છીએ'' શ્રીજીમહારાજે કહ્યું. **૫.** શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી છે. **૬.** નિત્યાનંદ સ્વામીએ ધારણાંપારણાંવ્રત શરૂ કર્યું. **૭.** નિત્યાનંદ સ્વામીને વિમુખ કર્યા. **૮.** આઠમા દિવસે શ્રીજીમહારાજે પત્ર લખ્યો. **૯.** તમારે સર્વેએ પણ આ પ્રમાણે જ અમારા સ્વરૂપની ઉપાસના કરવી. **૧૦.** નિત્યાનંદ સ્વામીને ભેટીને પ્રસાદીનો હાર આપ્યો. **૧૧.** શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સભામાં બોલાવ્યા. **૧૨.** ગ્રંથ સર્વોપરી લખાયો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- સંવત ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જવાબ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- સંવત **૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે** નિત્યાનંદ સ્વામીએ **વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ**, **શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

**૧. પ્રેમસખી પ્રેમાનંદ :** જૂનાગઢના નવાબે ઉજ્જૈનના ગવૈયાઓને કહ્યું, ''સ્વામિનારાયણના ફકીર બ્રહ્માનંદને સાંભળ્યા પછી હું બીજા કોઈને હવે સાંભળતો નથી.'' (૧૪)

**૨. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** ''આચાર્યશ્રી માંદા પડ્યા ને સાત ઉપવાસ થયા. તેથી ખાસ ગોપાળાનંદ સ્વામીને અમદાવાદ તેડાવ્યા.'' (૩૦)

**૩. ભક્તરાજ લાડુબા :** સવારમાં શ્રીજીમહારાજને છાશ પાવાનો જીવુબાને નિયમ. તેઓ એક દિવસ સાંજે કટોરો ભરીને દૂધ લાવ્યાં. (૪૩)

**૪. શ્રી કૃષ્ણજી અદા :** ગુણાતીતાનંદ સ્વામીએ ઈન્દ્રજીભાઈને વડતાલમાં દીક્ષા આપી અને આચાર્ય મહારાજે ''અખંડાનંદ બ્રહ્મચારી'' નામ રાખ્યું. (૬૨)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. સમર્પણના મેરુ સમા ભક્તરાજ : શ્રી મોતીભાઈ પટેલ (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૧૩, પા. નં. ૧૮ થી ૨૩)
૨. શાસ્ત્રીજી મહારાજ દ્વારા ઉપાસના-પ્રવર્તન : મંદિરો દ્વારા (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૪, પા. નં. ૨૫ થી ૨૭, ૩૦)
૩. એશિયા પેસેફિક કન્વેન્શન - ૨૦૧૪ (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૪, પા. નં. ૩૮ થી ૪૩)

❊ ❊ ❊

સૂચના :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ અગત્યની જાહેરાત **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**